જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


# HAPPY INDEPENDENCE DAY

તા.૧૪/૮/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૬૪૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૧ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૮,૮૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૮/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** સુનિતાબહેન રાવજીભાઈ રાજપુત (રહે.અવધ તીર્થ એપાર્ટમેન્ટ જનતાનગર ક્રોસીંગ પાસે ઘાટલોડીયા) એ તા.૧૩/૮/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૮/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર નીમેશ (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

**છેતરપિંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૪૯/૧૫**

**ક્રાઈમ બ્રાંન્ચઃ** કિશનસિંહ રમણલાલ ડોડીયા (ઉ.વ.૬૭) (રહે. કૃષ્ણનગર સોસાયટી, મિલન સિનેમા પાસે, સરસપુર) એ તા.૧૩/૮/૧૫ નારોજ ક્રાઈમ બ્રાંન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૫/૨૦૧૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) દિપક કમલેશકુમાર ગુપ્તા (રહે.જમના ડેરી સોડાલા જયપુર રાજસ્થાન) (૨) ક્રિષ્ના રમેશ આહિર (રહે. ક્રિષ્નાનગર ઓફિસર્સ એન્કલેવ કાંઠા જોટવાડા જયપુર રાજસ્થાન) (૩) સનીસિંગ ઉર્ફે સને દલવીરસિંગ (રહે. ગલી નં.૯,ચંદરવિહાર, દિલ્હી) (૪) ઇસ્માઇલખાન ઉર્ફે સાહીલખાન ઇમામુદીન (રહે. સેકટર-૧૨, નોયડા ગૌતમબુધ્ધનગર યુપી) અને (૫) કિરણ ઉર્ફે ભારતીપ્રવિણ શર્મા (રહે. બિલ્ડીંગ બી/૧, ફ્લેટ નં.૪૩ ન્યુ અશોકનગર, મેટ્રો સ્ટેશન નજીક દિલ્હી) એ ભેગા મળી એસ.બી.આઇ. લાઇફના નામે અલગ અલગ મોબાઇલ નંબરોથી કિશનસિંહ ડોડીયાને ફોન કરી પેન્શન અને પાંચ લાખ રૂપીયાનો લાઇફ ઇન્સ્યોરન્સ આપવાની વાત કરી વિશ્વાસમાં લઇ પ્રિમીયમ અને સિક્યુરીટીના નામે નાણા ભરવાનું કહી કિશનસિંહ ડોડીયા પાસેથી કુલ રૂપિયા ૫૧,૮૯,૨૭૧/- મેળવી લઇ છેતરપિંડી અને વિશાવસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ટી.આર.ભટ્ટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શાહીબાગઃ** મનોરમાબહેન નારણભાઇ પટેલ (ઉ.વ.૬૩) (રહે.ગામ ડોકેલાવ પો.સ્ટે.ઝારા તાલુકો લુણાવાડા મહીસાગર) એ તા.૧૩/૮/૧૫ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૬/૧૫ થી આજદીન સુધી આરોપી અલ્પેશ ઉર્ફે અલ્પો બળદેવભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૮) (રહે.સુખરાય મહાદેવ ટેના.) દવા લાવવાના બહાને મનોરમાબહેન પાસેથી રૂપિયા ૨૩,૭૦૦/- લઇ જઇ છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. આરોપી અલ્પેશને શાહીબાગ પોલીસે અટક કરી પ્રાથમીક તપાસમાં જાણવા મળેલ છે કે છેતરપીંડીના સીવીલ હોસ્પીટલ ખાતે ૧૦-૧૨ ગુનાઓ આચરેલ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રૂપસિંહ પ્યારેલાલ ચલાવે છે.

**નજર ચુકવી ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૦/૧૫**

**શાહીબાગઃ** હર્ષદભાઇ શીવાભાઇ ડુંગરાળી (ઉ.વ.૪૬) (રહે.ઝરીવાલાની ચાલી બળીયાલીમડી ચાર રસ્તા પાસે શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૮/૧૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે હર્ષદભાઈના માતા ઘરે એકલા હાજર હતા ત્યારે પોતાના ઘરે તિજોરી રીપેરીંગ માટે બે પુરૂષો આવ્યા હતા. દરમ્યાન હર્ષદભાઈના માતાની નજર ચુકવી તિજોરીમાંથી સોનાની બંગડી કિમત રૂપિયા ૩૬,૦૦૦/- અને રૂપિયા ૧૨૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૨૦૦/- મતાની ચોરી કરી લઈ પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર પી ચૌહાણ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૧/૧૫**

**વટવાઃ** મોનીકાબહેન મહેલુભાઈ ચુનારા (રહે.નીગમ સોસાયટી સ્મૃતિ સોસાયટી રોડ ઘોડાસર) તા.૨/૮/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે વટવા પુનિતનગર ક્રોસીંગ યશ બંગલોઝ નજીકથી રીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ મોનીકાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મોનીકાબહેન ચુનારાએ તા.૧૩/૮/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૫૨/૧૫**

**ચાંદખેડાઃ** વિનોદભાઈ ચીમનલાલ ચાવડા (ઉ.વ.૪૦) (રહે.નિગમનગર સોસાયટી ચાંદખેડા) ના પત્ની તેમના બહેનના શ્રીમંત પ્રસંગમાં ગયા હોવાથી વિનોદભાઈને મનમાં લાગી આવતા તા.૯/૮/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૨/૮/૧૫ બપોરના ૪/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અબ્દુલભાઈ મુસાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)